શ્રી હરિ ૐ

સંસારદર્પણ.

રચી, છપાવી પ્રસિદ્ધકર્ત્તા

હરિહર પુરુષોત્તમ સેવક

"બોલતો કાગળ" વિગેરેના કર્ત્તા

૫૩, સેવકનો માળો ગાયવાડી–મુંબઈ.

(આ નાટક સંબંધી દરેક હક્ક લેખકે પોતાને સ્વાધીન રાખ્યા છે, માટે તેની રજા શિવાય કોઈએ પણ ભજવવો, ભજવાવવો, છાપવો, છપાવવો કે તેનો કોઈ રીતનો ઉપયોગ કરવો નહીં.)

આવૃત્તિ પહેલી

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસમાં મણીલાલ ઈચ્છારામ દેશાઈએ છાપ્યું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ કોટ–મુંબઈ.

ઈ. સ. ૧૯૧૭.

મૂલ્ય રૂ. ૦–૩–૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૬૯૬૧

તમા[illegible]લગન કરવાં છે કે આખાં?

માફ કરજો સાહેબ

આ હમારી ચાલાક દેવીની
નવી મોનોપોલી છે.

દેવી અને તેના જેવી અસંખ્ય સ્ત્રીઓનું મન માત્ર છુટથીજ—અપટુડેટ કાપડ અને સોલાઈથીજ જીતાય છે.

કુંવારા માટે આ રામબાણ ઉપાય એ એડીસનની છેલ્લામાં છેલ્લી અને સહેલામાં સહેલી શોધ છે.

આ શોધની મોનાપોલી દેવી પાસેથી બજારગેટવાળા પી. તુલસીદાસે કાયદાપૂર્વક રજીસ્ટર કરાવી છે.

માટે જો પૂંજા માફક અરધાં લગનમાં લટકતાં આખાં લગન કરવાં હોય તો દોડો.

પી. તુલસીદાસની કું૦

બજારગેટ કોટ—મુંબઈ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૬૭૬૮ वर्गांक

पुस्तकनुं नाम સાંભારણાં

विषय ૮ : ૨૦૬

લેખકના બે બોલ.

નાટક ભજવનારી સોસાયટીના અધિકારીઓ તરફના લાંબા ખુલાસા પછી નાનાં માથાંપર મોટી પાઘડી પહેરાવી તેને બેડોળ બનાવવું યોગ્ય ન ધારતાં હું બે બોલમાં જ પતાવીશ.

મ્હારી છેલ્લી સેવા "પુત્રરત્ન પુંડલીક" પછી આજે તેર મહીને પાછો આ "સંસારદર્પણ"ની નવી ભેટ લઈ હું પ્રેક્ષક સન્મુખ રજૂ થાઉં છું. મેં આજ દિવસ સૂધી મ્હારા કોઈ પણ લેખનાં ઢોલ તાસાં વગાડ્યાં નથી અને વગાડવા માંગતો પણ નથી; પ્રભૂ મને તે આત્મ-શ્લાઘાના દોષથી બચાવે. મારે જે જણાવવાનું છે તે તો એટલું જ કે આ નાટક બહૂ થોડા સમયમાં શરીરની અનારોગ્યતા વચ્ચે લખાયું તેમજ તૈયાર થયું છે. વળી જેઓનો નાટકનો ધંધો નથી એવા-'વિદ્યાર્થીઓ તથા વેપારીઓ' તરફથી ભજવાયું છે; માટે તે 'કનસેશન' બાદ આપી પ્રેક્ષકો જોશે એવી ઉમેદ છે.

હવે વધારે ન લંબાવતાં અનારોગ્યતા, સમયની તંગાશ વિગેરે હોવા છતાં પણ જે જગન્નિયંતાએ મને આ કામ કરવાને શક્તિમાન બનાવ્યો છે, તેના ચરણારવિંદમાં શિર ઝૂકાવી જન્મદાતા માતા-પિતાને વંદન કરી મારા આ બે બોલ અહીં જ પૂર્ણ કરવાની રજા માગું છું.

હું છું. આપનોજ

દિવાનો.

ધી હિન્દુ એમેચ્યુઅર્સ ડ્રામેટિક સોસાયટીના અધિકારીઓનો ખુલાસો.

काव्येषु नाटकं रम्यम्

साहित्य संगीत कलाविहीनः साक्षात्पशु पुच्छ विशाणहीनः મનુષ્ય અને પશુમાં વિધાતાએ માત્ર એટલી જ ભિન્નતા રાખી છે કે જ્યારે મનુષ્યને વિચાર શક્તિ છે ત્યારે પશુને નથી. આ વિચાર શક્તિથી મનુષ્યને જણાયું છે કે જગત્ સંગીતમયજ છે. પશુ પક્ષી, સમુદ્ર નદી ઇત્યાદિ કુદરત કૃતિઓ પણ આપણને ભાન કરાવે છે કે જગત-વિશ્વ સંગીતમય જ છે. મનુષ્યે સંગીતનો વિકાસ ભિન્નભિન્ન રીતે કર્યો છે. સાહિત્યનું વિશિષ્ટ અંગ-કાવ્ય-નાટક એ પણ સંગીત જ છે. નૃત્યકળા એ પણ સંગીતનો જ એક ભાગ છે. સાહિત્ય, સંગીત અને કલાનું એકત્ર થવાનું સ્થાન-સારાંશ કે મનુષ્યની વિચારશક્તિ-કલ્પનાશક્તિની અવધિ તેજ નાટક. ત્યારે સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થશે કે મનુષ્ય કલ્પના શક્તિની અવધિ-કાલીદાસ, ભવભૂતિ-શેક્સપિયરનું કીર્તિસ્થાન-વિદ્વજ્જનોનું આહ્‌લાદન-રસવતી ભાષાનું નિકેતન, દેશની અનેક પ્રકારની પ્રગતિનું સાધન-સદ્બોધની શાળા એવો નાટક આજે નિરસ અને નિન્દાપાત્ર કેમ!!? પ્રત્યેક સુક્ષ્મ અવલોકનકારને નાટકની આવી સ્થિતિ થઈ જવાનાં અનેક કારણોમાં જણાશે કે હાલના નાટકોમાંઃ-"સ્વાભાવિક વસ્તુ વિકાસ, સપ્રયોજન અનુભવ ગમ્ય પ્રસંગો, સહેતુક ભાષા, શબ્દોની સાર્થકતા અને સ્વાભાવિકતા, પાઠ અને પાત્રોની યોગ્યતા, અભિનયની સુક્ષ્મતા"ની જગ્યાએ માત્રઃ-"જળહળતા પોશાકો, રંગબેરંગી પડદાઓ, કૃત્રિમ હાસ્યના અખતરાઓ, ભાષા અને શબ્દોની કૃત્રિમતા, અનુભવાન્તર પ્રસંગો તથા અમર્યાદીત શૃંગાર" જોવામાં આવે છે.

કહેવામાં આવે છે કે વર્તમાન કાળ દરેક બાબત માટે સંક્રાંતિ કાળ છે-આ નવીન યુગની વિદ્યુતનો સ્પર્શ ગુર્જર નાટ્ય સાહિત્યને પણ થયો છે. આ સ્પર્શના પ્રભાવથી કેળવાયલો વર્ગ ગુર્જર સાહિત્ય પ્રગતિમાં અને ગુજરાતના જીવન વિકાસમાં વધારે અને વધારે ભાગ

લેતો જાય છે. અમોને સંપૂર્ણ શ્રદ્ધા છે કે જો તેઓ ગુર્જર સાહિત્ય દેવીની પૂજા આવીને આવી જ રીતે ચાલૂ રાખશે તો આપણું રસાળ નાટ્યક્ષેત્ર વધારે અને વધારે જ ખીલશે અને ફળશે.

આ સાહસ કરવાનું પ્રોત્સાહન અમોને ગયા વર્ષમાં—જૂદી જૂદી જ્ઞાતિ–સ્કુલ અને સંસ્થાએ કરેલા નાટકથી મળેલું છે. અમારો નાટક કરવાનો વિશિષ્ટ ઉદ્દેશઃ—"ધી હિન્દુ સ્ટુડન્ટસ ડીબેટીંગ સોસાયટી" કે જેના અમો બધા સભાસદો છીએ તેને આર્થિક મદદ આપવાનો છે. સાથે સાથે આ નાટકની આવકનો અમુક ભાગ ઉપયોગી સંસ્થાઓમાં અને જીવદયામાં આપવા વિચાર રાખ્યો છે. આ નાટકનું સાહસ ખેડવાને જોઇતો ઉત્સાહ અને આર્થિક મદદ અમોને અમારા પરોપકારી જ્ઞાતિબંધુ રા. રા. સવચંદ કચરાભાઈ તરફથી મળેલ છે. આજે આ નાટ્યપ્રયોગ કરવાને અમે જે શક્તિમાન થયા છીએ તે તેઓનાં જ પ્રોત્સાહન, સહાય્ય, માર્ગદર્શકતા અને અમારી પ્રતિ તેઓના વાત્સલ્ય સ્નેહનું જ ફળ છે. એમનો ઉપકાર માનવા માટે અમારા હૃદયરૂપી શબ્દકોષમાં પુરતા શબ્દો નથી.

આ નાટક અમારે માટે ખાસ લખી આવી નજીવી કિમ્મતમાં ભજવવાનો હક્ક અમોને આપવા માટે અમો રા. રા. હરિહર પુરુષોત્તમ સેવકના અત્યંત આભારી છીએ. વિદ્યાર્થીઓને અનુકૂળ થઈ પડે એવો અને એવી ભાષામાં નાટક અલ્પ સમયમાં લખી આપી—અનારોગ્ય છતાં અહર્નીશ મહેનત લઈ અમારું કાર્ય ફળીભૂત કરવામાં જે સહાયતા આપી છે તેને માટે અમો અમારા લોકપ્રિય અને વિદ્વાન્ લેખકનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

સંગીતનું કામ સંગીન બનાવવા અને વિદ્યાર્થીવર્ગને કે જે સંગીતથી અજાણ છે તેને સંગીતનો માર્ગ સહેલાઇથી બતાવવા માટે અસ્વસ્થ શરીર હોવા છતાં રા. રા. પુરુષોત્તમદાસ ગોપાલે જે અમારી સેવા બજાવી છે, તે માટે અમો અમારી ઉંડી ઉપકારની લાગણી પ્રદર્શીત કરીએ છીએ.

દરેક જણ જાણે છે કે આવાં કામમાં જેટલાં માણસ તેટલાં મગજ તે દરેકને અનુકૂળ રહી સાચવવાની—મુશ્કેલી એ તેના નેતા ઉપર જ છે અને આ મહાન ભાર પોતાના ગળામાં લઈ અમારી આ સોસાઇટીના ઉપપ્રમુખ રા. રા. છોટાલાલ પ્રભુદાસ ઘેવરિયાએ આ કામ સાંગોપાંગ પાર ઉતારવામાં પોતાની બી. એની પરીક્ષા માથે આવી હોવા

છતાં સમય અને શક્તિનો જે ભોગ આપ્યો છે, તે માટે હમે તેમનો ઉપકાર માનીએ તેટલો ઓછો જ છે.

છેવટે અમારા વિદ્યાર્થીજનોના પ્રથમ પ્રયત્નમાં કાંઈ ભુલ દેખાય તો આપ ગુણગ્રાહી પ્રેક્ષકવર્ગ માફ કરશો. એવી આશા સાથે આ ખુલાસો અમે અહીં જ પૂર્ણ કરીએ છીએ.

હમે છઇએ.

આપના કૃપાકાંક્ષી.

છોટાલાલ કેશવજી શાહ.

લાલજી કેશવજી ચિનાઈ.

ધી હિન્દુ એમેચ્યુઅર્સ ડ્રામેટિક સોસાયટીના ઑનररी સેક્રેટરીઓ.

શ્રી હરિ ૐ

સંસારદર્પણ

નાટકનો ટૂંક સાર

પ્રારંભ પ્રાર્થના અને વસ્તુસૂચન થયા બાદઃ—

અંક પહેલો.

પ્રવેશ પહેલો–લેડીજ કલબમાંથી શરૂ થાય છે. સ્નેહી જોડાંનો સ્નેહાલાપ. ત્યાં અકસ્માતથી આકસ્મિક આણંદજી શેઠનું આવવું. કાગડાની હંસણીપર દષ્ટિ.

પ્રવેશ બીજો–મેરેજ કંપની લીમીટેડના એજંટ ગોર મહારાજ અને ઘરડે ઘડપણ પરણવા નીકળેલ આણંદજીની વાતચીત.

પ્રવેશ ત્રીજો–લાલાંના બાપ ખીમજી સાથે ગોર ૧૫૦૦) રૂપીએ લાલાં અને આણંદજીનું સાટું ગોઠવે છે. ખીમજીનો છોકરો ખુશાલ તેમ ન કરવા સમજાવે છે.

પ્રવેશ ચોથો–આણંદજીની પોતાના મિત્ર મોનજી સાથે લગ્ન સંબંધી સલાહ. શું ? હા–જી–હા.

પ્રવેશ પાંચમો–આણંદજીનો નોકર પૂંજો તથા લાલાંની ચાકરડી દેવીનો પ્રેમપ્રસંગ.

પ્રવેશ છઠ્ઠો–આવડતનાં અજીરણવાળા શાસ્ત્રીજી વિતંડાનંદની મર્કટ લીલા. જયસેકું તયસા.

પ્રવેશ સાતમો–લાલાં પોતાના પિતા ખીમજીને પોતાને આણંદજી જોડે ન પરણાવવા સમજાવે છે. પિતા પુત્ર વચ્ચે બોલાચાલી પણ અંતે પથ્થપર પાણી.

અંક બીજો.

પ્રવેશ પહેલો–આણંદજી અને લાલાંનાં લગ્ન અટકાવવા માટે ખુશાલ અને મોનજીની મસલત.

પ્રવેશ બીજો–મોનજીની સલાહ પ્રમાણે ખુશાલ બ્હીકણુ આણંદજીને ગભરાવે છે અને લગ્નથી અટકવા હા પડાવે છે. પણ

એટલામાં ખીમજી આવતાં ખુશાલની યુક્તિ ખુલ્લી પડી જાય છે ને વાર ખાલી જાય છે.

પ્રવેશ ત્રીજો–એક જાળ ખાલી જતાં બીજી જાળ ગુંથાય છે અને દેવીની મદદથી આણુંદજી શેઠ જોડે મૂછાળી લાલાં પરણાવી દેવાનું નક્કી થાય છે.

પ્રવેશ ચોથો–આણુંદજી શેઠનાં લગ્ન "ઘુંઘટમાં ગોટાળોવાળી લાલાં બહેન છટકિયાં."

પ્રવેશ પાંચમો–પરણીને ઘેર આવતાં પોલ ખુલી જાય છે અને આણુંદજી શેઠને લાલાં બદલે સાડી હાથમાં રહી જતાં પૂંજો દેખાય છે.

પ્રવેશ છઠ્ઠો–ખુશાલ લાલાં અને કૃષ્ણલાલનાં ગાંધર્વ વિધિથી લગ્ન કરી આપે છે. લગ્ન થઈ રહ્યા પછી લાલાંને શોધતા આણુંદજી તથા ખીમજી આવે છે પરંતુ Done is Done.

અંક ત્રીજો.

(બીજા અને ત્રીજા અંક વચ્ચે પાંચ વર્ષનો ગાળો છે કે જેમાં ગવર્નમેન્ટ સ્કોલરશીપ મેળવી કૃષ્ણલાલ લાલાંને વનિતાવિશ્રામમાં મોકલી પોતે હુન્નરકળાની કેળવણી લેવા વિલાયત ગયેલ છે.)

પ્રવેશ પહેલો–હુન્નરકળાની કેળવણી લઈ કૃષ્ણલાલ આજે વિલાયતથી પાછો ફરતાં–"વણિક યુવકમંડળ" તરફથી તેને માનપત્ર.

પ્રવેશ બીજો–નાતનાં પંચનું એક ચિત્ર. કૃષ્ણલાલ નાતબહાર.

પ્રવેશ ત્રીજો–ભૂલ કરવી એ માણસાઈ છે, પણ ભૂલ સમજાતાં સુધારવી એજ દેવપણું છે. આણુંદજી શેઠ પોતાની ભૂલ સમજે છે અને સુધરે છે. પોતાની હૈંશીલાખની બાદશાહી દોલત હુન્નરકળાનું શિક્ષણ આપનારૂં મહાન ખાતું ખોલવા ટ્રસ્ટ કરી કૃષ્ણલાલને સોંપી પોતે વાનપ્રસ્થ થાય છે. સારામાં સારૂં. દેવી અને પૂંજાના હાથ મેળવાય છે.

પ્રવેશ ચોથો–અખિલ ભારતવર્ષીય વૈશ્ય પરિષદ્ "ન્યાયી બ્રીટિશના તાજ નીચે પામી સ્વરાજ ફરી ગાજો જાજો સહૂ અંધાર પ્રભાહિન્દની દશદિશ પ્રગટાજો" એ ભરતવાક્ય સાથે નાટકની પૂર્ણાહૂતિ થાય છે.

સંસારદર્પણ નાટકનાં પાત્રોની યોજના

પુરુષો.

આણંદજી—વૃદ્ધ ઉમ્મરે પરણવા નીકળેલો શેઠીઓ.

ખીમજી—દીકરીના દોકડા ગણાવનારો બુઢ્ઢો.

ખુશાલ—ખીમજીનો પુત્ર.

ગોર—લગનનાં ચોકઠાં બેસાડનાર બ્રાહ્મણ.

મોનજી—આણંદજીનો એક મિત્ર.

પૂંજો—આણંદજીનો નોકર.

કૃષ્ણલાલ—"વણિક બોર્ડિંગ" માં શીખતો યુવક.

વિતંડાનંદ—આવડતનાં અજીરણવાળો શાસ્ત્રી.

સ્ત્રીઓ.

લાલાં—ખીમજીની પુત્રી.

દેવી—લાલાંની ચાકરડી.

વિગેરે, વિગેરે, વિગેરે.

સ્થળ-મુંબઈ.

શ્રી હરિ ૐ

સંસારદર્પણ નાટકનાં ગાયનો.

પ્રારંભ પ્રાર્થના.

શારદદેવી આપ સુમતિ
મનમલ હરીકરી આજ હમને:—
સકલ જગત તારી સ્તુતિગાએ રતિધારી
કુમતિ હરતી તુંજ ભવજનની
હે બ્રહ્મ સુતાસારી—કરમાં વીણાધારી
સહુથી જ્ઞાની—તું અમાની,
અજર, અમર, અકલ, અચલ,
માનથી નમિયે—માનને દમિયે—સહુ હમે:—

(૧)

સત્ય વાત આ પીછાણી
મારા ભાઈ મૂળ તત્વ લે જાણીરેજી:—
નદી કિનારે કોઇજન બેઠો, તૃષા નહીંજ સમાણી;
કાંતો આળસુ અંગ એહનું, કાંતો સરિતા સુકાણી:—
સદગુરુસેવ્યે શિષ્ય ન સુધર્યો, મળી ન વિમળ વાણી;
કાંતો ગુરુજી જ્ઞાન વિનાના, કાંતો પાપીડા એ પ્રાણી;—
(લોકગીત)

(૨)

આવે નવયુગ આવે
ગજાવે નવીન નવીન ભાવ
યુવક હ્રદયેં ભાવે:—
નવીન નવીન ભાવપુષ્પ:—
ગુંથી એક સૂત્રતારે
બંદીકવિ
કાવ્ય—કથા—નાટયથી વધાવે:—

(૩)

સંસાર જો સુધારવાને ચાહો પ્રથમ નારીને સુધારો;
ધર્મ જો ઉદ્ધારવાને ચાહો પ્રથમ નારીને ઉદ્ધારો.
નબળું અરધું અંગ ત્યાં, ઉન્નતિની શી આશ;
બે પાંખોવીણુ પંખીડું, ઉડે કેમ આકાશ.
દેશને જો તારવાને ચાહો પ્રથમ નારીનેજ તારો:—

(૪)

આવો આવો કોઈ જમીનમાંથી ભોંયરાં ખોદાવો;
કે બંધાવો ફૂટપાથ કોઈ આકાશે બંધાવો.
યા બોલાવો એડીસનને શોધ નવી ચલાવોઃ
બચાવો ગાડીમાં મરતાં માણસને બચાવો.
જોયું સામે ત્યાં ટમટમ ધમધમ ધસ્તી ટ્રામ આવી;
પુંઠથી મોટરનાં ભેં ભે ભૂંકણે દીધો ગભરાવી.
જમણે જાતાં સાયકલવાળે ધણણણણણ ઘંટી બજાવી;
ડાબા વળતાં–'એ પોઇસ–પોઇસ–પોઇસ' બૂમ આવી.

(૫)

અહીં વહૂજીનો જન્મ થયો ત્યાં વરરાજા દાદા થઈ બેઠા,
અહીં વહુ હુલુલુલુ હાલથતી ત્યાં વરરાજા સાઠીમાં પેઠા;
વહૂને દૂધિયા દાંત ઉગે ત્યાં વરના દાંત પડયા સહૂ હેઠા,
વરનું અન્ન છૂટતું ચાલ્યું જ્યાં, વહૂના દાંત થયા નથી એઠા.
ગાડી લઈ પગભરે વહૂજી મકાનમાં,
લાકડી લઇને વર નીકળ્યા ત્યાં ગામમાં;
સમજતાં શીખી વહુ આવી જરી સાનમાં,
ધાક પડી અહીં વરરાજા તણા કાનમાં.
રહ્યા નહીં માનમાં:
પરણુવાને જાનમાં;
પડ્યા છે મેદાનમાં
ત્યાં ગીત થશે કાણમાં;
ને વહૂજી મકાનમાં,
કે વરજી મસાણુમાંઃ
ચિત્તાની પોલાણુમા,
ને પેલી જહાનમાં;
રામ બોલો ભાઈ રામ:—

(૬)

આ પિતા પાપી દીકરીને દોકડે સુખ માનમાં;
બુઢ્ઢાને આપી દેમાં રંડાપો કન્યાદાનમાં.
બાપલિયા કાળા મોં વાળા,
શાને કરતો કર્મો કાળાં;
બીલાડીના એ રૂવાળાં,
હોશે તે પણ લેશે સ્હામું લહાણુમાં (૨):—
સાકર તું ગદ્ધાને આપે,
છૂરી પુત્રી ગરદનપર ચાંપે;
ધન મેળવતો કસાઈ પાપે,
માંડવડો દુહિતાનો બાંધી મસાણુમાં (૨):—
રૂંવે રૂંવે તને કીડા પડશે,
ગાત્ર ગળતકોઢે તુજ ગળશે;
તારી છાતીપરં જમડા ચઢશે,
ધખધખતા ખીલા ધાબડશે ચામમાં (૨):—

(નિર્ભય.)

(૭)

ગયું ખોવાઈ બાલકપણુ હવે આવી જુવાની છે:
કહે સહૂ ચેતીને રહેજે જુવાની એ દીવાની છે.
કર્યાં છે કંઇક ઘર ઉજ્જડ દીવાની એ જુવાનીએ;
જુવાનીનો બૂરો જુસ્સો બલા એ આસમાની છે.
જુવાની થાય સાર્થક જો દબાવે તે તણો જુસ્સો;
નહીંતો જાણવું કે એ ખરાબીની નીશાની છે.
ભલાં કામો કરો તો તેજ જુસ્સામાં સહૂ થાશે;
કમાશો કીર્તિ, આખર એજ સાથે આવવાની છે.

(૮)

મારે મોઢે માર્યું પ્રેમતાળું;
મળે નહીં કૂંચી (૨) એને કેમ ઉઘાડું:—
પોપટછ પિંજરે પૂર્યાં છે સ્વતંત્ર આજ;
જોઇએ કંઈ યુક્તિથી રાખે પોતાની લાજ.
યુક્તિ નવી કોઈ કહાડું:—

(૯)

તારી આંખડીની સબમરિનથી નખરાંની ટોરપીડ ધુડુડુ.....છૂટી જેવી,
ઠડડડડડ (૩) ભૂસ. મારાં દિલડાંની ડ્રેડનોટ દૂટી તેવી:—
ડાહ્યો થા માં ડાહ્યલા મૂંગો મૂંગો બેસ;
ભભરાવી ગુંગળાવવા છોડ નહીં આ ગેસ.
પ્રેમ એરોપ્લેનથી વરસાવી બોલ બોમ્બ આજ ધારીશું નારીને લૂટી લેવી.

(૧૦)

ઢીંગલા ઢીંગલીને જેમ વરાવે
વહૂ વર બનાવે
બચ્ચાં રમતાં ખોટાં પરણાવે
મા બાપો લગ્ન તેમ ઠરાવે
ઓઠાં ભળાવે
લગની વીનાં લગન કેમ કહાવે
હાથતો મેળાવ્યા પણ ત્યાં દિલનો મેલાપ ક્યાં છે?
અગ્નિ પ્રગટાવ્યો ઘીથી હૃદયસ્નેહતાપ ક્યાં છે?
ફેરા ફોગટના છો ફેરાવે
ટાંગા થકાવે
દિલની ચોરી-ચોરી બતલાવે:—

(૧૧)

ભણાવી ગણાવી સંસ્કારી બનાવી હવે છૂરી મૂકો ન ગળે તાત;
મનડું મુંઝાય પણ ન શરમે બોલાય મુખે, તાત પાસ અજુગતિ એ વાત:—
દીકરીને ગાય તેતો દોરે ત્યાં દોરાએ,
સોંપે નિજકાય પુત્રીપરવશ પરઇચ્છાએ;
પણ અંતર ભડકા જીવન સૂધી ન હોલાએ,
મનડું નવ માને ત્યાં કેમ શરીર સોંપાએ?
જીવતે ન મારી કરો તાત દેહ ઘાત:—

(૧૨)

આગળ કાપ્યાને પાછળ મોર્યા-
વચમાં ઘરડા વરની લોથુરે,
ઘોડી આઠ પગાળી.
ચાર ચાર આખરિયા વરને ખાંધો દઈ ચાલેને-
પાંચમોરે લેશે હાથે તોલડી
પાછળ જાનડીઓ ગીતો ગાશે સૂરમાં
હાય લાડડા * * *

વરને હાથે મીંઢળને મરડાશીંગી
હારે વરને વળીઓ જોશેરે ધીંગીધીંગી
હાંરે વરને ખપાટીઆં જોશે દસ બાર
હાંરે વરને બાંધવા શીંદડી શેર ચાર
હારે વરને:—

(૧૩)

દિલડાનાં દર્દો દિલડાં મહીંજ સમાવીએ;
બેદર્દીની પાસ બોલી લાજ શેં ગુમાવીએ;
કોઇની આગળ જઈ કહેતાં
દુઃખડાં નથી તે લઈ લેતાં;
પણ ગાંડાંમાં ગણી લેતાં,
દુઃખતાંપર ડહામ દેતાં,
ફોકટ ચૌટે ચૌટે ચરચાવીએઃ—

(૧૪)

થાવા દ્યો લગન નાટકિયાં;
પછી ભલે પીંખાએ જટિયાં:—
સોંપી મૂછાળા સાથ મૂછાળો માથે પાડા પટિયાં;
ઘુંઘટમાં ગોટાળોવાળી લાલાં બહેન છટકિયાં:—

(૧૫)

રસિયા
અરેવાહ, મારેધા પ્રેમતણો
જરી ઉભારહો–ઉભારહો
પ્રિયરસપાઃ—
કર અધીરો ન સુંદરી હાં:—
હવે મનહર દિલબર શીદ શરમા:—
જરિએ ન રહે ધીર, ચિત્તચહે આલિંગન દે શરમાય વૃથા
રંગીલી, રસીલી, છબીલી, નુકીલી, પ્રેમીલી, લઉં ઝાલી પ્રેમ સુધાઃ

(૧૬)

અમે ભરતભૂમિના પૂત્રો અમ માત પૂરાણુ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો, ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી, કરશું હોકાર હમેશ,
અમે દેશી દેશી દેશી, ઓ દિવ્ય હમારો દેશ.

અંધાર વિષે અથડાતાં કે ફરતાં દિવ્ય પ્રકાશ,
પડતાં, રડતાં રગડાતાં કે કરતાં હાસ્ય વિલાસ;
પળપળ અમ ઉરનીધિએ શી હા ઉછળે ઉર્મિ અશેષ,
અમે દેશી દેશી દેશી એ દિવ્ય હમારો દેશ.
ક્યાં હશે હિમાલય જેવા, ક્યાં પૂણ્ય પવિત્રજ ગંગ,
ક્યાં મળે અલૌકિક એવા, સહુ દેશતણા બહુ રંગ;
ક્યાં મૂનિ ઈશ્વરજન બેશી, કરતા પ્રભૂપંથ ઉપદેશ,
અમે દેશી દેશી દેશી એ દિવ્ય હમારો દેશ.
ક્યાં રામયુધિષ્ઠિર ઘૂમ્યા, ક્યાં ગરજ્યા અર્જુન ભીમ,
ક્યાં રજપૂતવીર ઝઝુમ્યા, બળ દાખવવાજ અસીમ;
રે ભૂલિયે તે રીતે શી, અમ અંતરથી લવલેશ,
અમે દેશી દેશી દેશી એ દિવ્ય હમારો દેશ.
નથીર રહેવું પરઆશે. છે પારકી આશ નિરાશ,
નથી કર ધરવો કોઈ પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કોઈ દિવ્ય પ્રભાજ પ્રવેશી એ દે હમને ઉપદેશ,
અમે દેશી દેશી દેશી એ દિવ્ય હમારો દેશ.
ધમધમ ધરણી ધ્રૂજાવીશું અમ દેશ તણાં કરી ગાન;
જયજયજય નાદ કરીશું દઈશુ મોંઘા અમ પ્રાણ,
એ ભક્તિ વશી ઉર તે શી દેજો શકિત પરમેશ;
અમે દેશી દેશી દેશી, એ દિવ્ય હમારો દેશ.

(અરદેશર ખબરદાર)

(૧૭)

નાદ મજાનાં અરવાં લગનથી જોડાં મળ્યાં;
જે આંખે ન દીઠાં–કે કાને ન સાંભળ્યાં.
બજારગેટમાં જલદી દોડો નહીં તો રહેશો વા ખાતા;
પા. તુલસીદાસનો સુટ લાવો તો વાર નથી પૂરાં થાતાં.
નારી થઈ નરને પરણાવ્યો શેઠ સાથે તે—
એ છેતરપીંડીનાં આ ફળફળ્યાં:—

(૧૮)

ચાર વર્ણ જ્યાં હતા પ્રથમ ત્યાં આજ વર્ણ ગણતાં ન ગણાય;
ધર્મ ધર્મના નામથકી સહૂ હિન્દ અધોગતિમાં અથડાય.
જ્યાં વિપ્ર ક્ષત્રી વૈશ્ય શુદ્રો વર્ણ એ ચારજ હતા,
સહૂ ઐકયથી નિજ કામ કરતા હિન્દને શોભાવતા;

ત્યાં આજે જાતું અસંખ્યને વળી જાતથી
હોએ પૂરબીઆ બાર તો ચોકાજ થાએ તર, ત્યાં
ઐકય શૃંખલા તૂટી હિન્દની કહો ઉન્નતિ કેમજ થાય,
સાંધે એક ત્યાં તોડે બીજો તો સૂખની આશા કેમ રખાય;
સહૂ વેદ પૂકારી કહે નહીં અન્ય ચારે વર્ણથી,
ગીતામહીં શ્રીકૃષ્ણ પણ થાકયા અરે તેતો કથી;
લોને ભલે શ્રુતિ સ્મૃતિ ઓળી જૂઓને ખંતથી,
ચાર વર્ણોના વિનાં કોઈ પાંચમો વર્ણજ નથી;
ત્યારે આજ આ જાત આટલી કયાંથી થઈ તે કંઈ ન જણાય;
દુરાગ્રહીના દુરાગ્રહોનો ફેલ **હરિહર,** તે સમજાય.

(૧૯)

જગતગુર કહેવાતો ભારત ફરી જગતગુર થાજો.
જાજો સહુ અંધાર, પ્રભાહિંદની દશદીશ પ્રગટાજો.
શાહજ્યોર્જ તણા દુશ્મન ટળજો
તેને વિજય રણમાં મળજો
પામી રણાંગણે વિજય, શાહ તે અમ દુઃખ ટળશે આજે:—
ભારત વધતો રહો હુન્નરમાં
મંગળ વરતી રહો ઘરઘરમાં
ન્યાયી બ્રીટિશના તાજ નીચે પામી સ્વરાજ્ય, ફરીગાજો:—

ૐ **શાન્તિ: શાન્તિ: શાન્તિ:**

સમાપ્ત.